



અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૬-૦૪-૨૦૨૪ મંગળવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોનો સ્ટાફ મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી



તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ ચૈત્ર સુદ ૮ વર્ષ : ૨૮ અંક ૨૦૮


### યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટની વધુ એક સિધ્ધી : ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા

# ચલાલામાં ગાયત્રી સંસ્કૃત શક્તિ ગુરૂકુળની મંજુરી મળી

| | | | |
|---|---|---|---|
| સંસ્કૃત શક્તિ ગુરૂકુળમાં ધો.૬ માં દિકરા - દિકરીઓ સંસ્કૃત માધ્યમમાં વિનામુલ્યે પ્રવેશ મેળવી શકશે | અમરેલી જિલ્લાનાં વિદ્યાર્થીઓને હવે સંસ્કૃત વિદ્યાપીઠમાં અભ્યાસ કરવા બહાર નહી જવુ પડે | વિદ્યાર્થીઓને વિનામુલ્યે રહેવા તથા જમવાની ઉતમ વ્યવસ્થાઓ : દિકરા-દિકરી માટે અલગ વ્યવસ્થા | દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય શાંતિકુંજના અનુભવી સંસ્કૃત વિદ્વાનો દ્વારા અભ્યાસ |

**શ્રી હરીબા મહિલા કોલેજ, ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, વૃધ્ધાશ્રમ, હોસ્પિટલની વિનામુલ્યે સેવા સાથે અમરેલી જિલ્લાના ગૌરવ એવા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટના શિલ્પી અને સ્થાપક લોકસેવક ડૉ. રતિદાદા મહેતા તથા સંસ્થાના સંચાલક શ્રી મહેશભાઇ મહેતાની અવિરત મહેનતથી નવુ સોપાન**


સંસ્થાના શિલ્પી
પૂ.શ્રી ડો.રતિદાદા


શ્રી મહેશભાઇ મહેતા,
ભારત ભુષણ, ડાયરેક્ટર




અમરેલી,

શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટે વધુ એક સિધ્ધી મેળવી છે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ચલાલામાં ગાયત્રી સંસ્કૃત શક્તિ ગુરૂકુળને મંજુરી અપાતા સમગ્ર પંથકમાં ખુશી વ્યાપી ગઈ છે અહીં ગાયત્રી સંસ્કૃત શક્તિ ગુરૂકુળની મંજુરી મળતા સંસ્કૃત શક્તિ ગુરૂકુળમાં ધો.૬ માં દિકરા દિકરીઓ સંસ્કૃત માધ્યમમાં વિનામૂલ્યે પ્રવેશ મેળવી અભ્યાસ કરી શકશે. અને સંસ્કૃત વિદ્યાપીઠમાં ભણવા બહાર નહી જવુ પડે. સંસ્થા દ્વારા રહેવા, જમવા, અભ્યાસ સહિતની વિનામુલ્યે વ્યવસ્થા કરવામાં આવી છે. આગામી સત્ર જુન ૨૦૨૪ થી શરૂ થતુ હોય તેથી તા.૩૦-૪-૨૦૨૪ સુધીમાં સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈ એડમીશન મેળવી લેવા અને વધુ વિગતો માટે મો.નં. ૯૪૨૭૭ ૪૩૮૧૭ અથવા મો.૯૪૨૯૮ ૩૮૦૧૭નો સંપર્ક કરવો. ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલાને ધો.૬ થી ૧૨ સુધી સંસ્કૃત માધ્યમમાં વિનામુલ્યે અભ્યાસ માટે મંજુરી અપાતા વિદ્યાર્થીઓને રાહત રહેશે.


અહીં રહેવા જમવાની પણ ઉતમ વ્યવસ્થા અને વિનામુલ્યે મેળવી શકશે. સંસ્કૃત માધ્યમમાં ભણીને વિદ્યાર્થીઓ મોટા વિદ્વાન તથા સંસ્કૃતના મોટા પ્રોફેસર પણ બની શકશે.

સંસ્કૃત શક્તિ ગુરૂકુળમાં દેવ સંસ્કૃતિ વિશ્વ વિદ્યાલય શાંતિકુંજ હરિદ્વારમાં અનુભવી અને સંસ્કૃતના વિદ્વાનો દ્વારા અભ્યાસ કરાવવામાં આવશે. સંસ્થા દ્વારા દિકરા દિકરીઓ માટે રહેવાની વ્યવસ્થા પણ અલગ અલગ કરવામાં આવી છે. શ્રી હરીબા મહિલા કોલેજ, ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, વૃધ્ધાશ્રમ, હોસ્પિટલની વિનામુલ્યે સેવા સાથે અમરેલી જિલ્લાના ગૌરવ એવા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટના શિલ્પી અને સ્થાપક લોકસેવક ડો. રતિદાદા મહેતા તથા સંસ્થાના સંચાલક શ્રી મહેશભાઈ મહેતાની અવિરત મહેનતથી નવુ સોપાન આગામી નવા સત્રથી શરૂ થઈ રહયુ છે.

આ સંસ્થામાં એડમીશન માટે ગાયત્રી સંસ્કારધામ ધારી રોડ, ચલાલાનો આજે જ સંપર્ક કરવા પણ જણાવાયુ છે.

॥ ॐ भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात् ॥



## યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલિત

પ્રવેશ ચાલુ છે... પ્રવેશ ચાલુ છે...



### હરીબા મહિલા કોલેજ
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માન્ય
આર્ટસ, કોમર્સ, બી.સી.એ.
બી.પી.ઇ.એસ. (સ્પોર્ટસ)




### ગાયત્રી સંસ્કાર વિદ્યાલય
ધો.૧ થી ૧૨ (આર્ટસ - કોમર્સ)
એલ.કે.જી., એચ.કે.જી., બાલ વાટીકા
ડે સ્કૂલ, સાદી સ્કૂલ, હોસ્ટેલ



### ગાયત્રી સંસ્કૃત શક્તિ ગુરૂકુળ
ધોરણ ૬ માં દિકરા-દિકરીઓ માટે
હોસ્ટેલ સુવિધા તથા ચોપડા, યુનીફોર્મ સાથે
જુન ૨૦૨૪ થી વિનામૂલ્યે પ્રવેશ

દીકરા-દીકરીઓ માટે હોસ્ટેલની અલગ - અલગ સુવિધા


પૂ.રતિદાદા (સંસ્થાના શિલ્પી)

એડમીશન માટે આજે જ સંપર્ક કરો...
ધારી રોડ, મીઠાપુર (ડું) - ચલાલા.
મો. ૯૪૨૭૭ ૪૩૮૧૭ - ૯૪૨૯૮ ૩૮૦૧૭





ચુનાવ કા પર્વ
દેશ કા ગર્વ

# અવધ ટાઇમ્સ

## ઇલેક્શન - ૨૦૨૪

www.avadhtimes.net અમરેલી ૩ તા.૧૬-૦૪-૨૦૨૪ મંગળવાર

ચુનાવ કા પર્વ
દેશ કા ગર્વ


## અસંખ્ય ચાહકો, ટેકેદારો, મિત્રો, શુભેચ્છકો અને ભાજપની વિશાળ ફોજમાં શ્રી રૂપાલાની ઉમેદવારી માટે ઉત્સાહ

# શ્રી પરશોત્તમ રૂપાલા આજે ઉમેદવારી નોંધાવશે

### અમરેલી જિલ્લામાંથી શ્રી પરશોતમ રૂપાલાના હજારો ટેકેદારો, કાર્યકરો રાજકોટ જવા રવાના

### રાજકોટ ભાજપનાં કાર્યકરોમાં પણ આગેવાન શ્રી રૂપાલાની ઉમેદવારી માટે ભારે થનગનાટ

### ભાજપની જાહેર સભા ઉપરાંત મોટા મૌવાના વિવિધ હાઇરાઇઝ ફલેટધારકો સાથેનું સ્નેહમિલન યોજાયું

### રાજકોટ લોકસભા વિસ્તારમાં હાલ ચાલે છે એક જ સુત્ર : રાજકોટ છે મક્કમ, રૂપાલા સાથે અડીખમ










રાજકોટ,

રાજકોટ લોકસભા બેઠકમાં ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાનો ચૂંટણી પ્રચાર વેગવંતો બન્યો ઠેર ઠેર સંમેલનો બેઠકો સાથે આજે શ્રી રૂપાલા પોતાની ઉમેદવારીપત્ર રજુ કરનાર છે. તેમાટે અમરેલી જિલ્લામાંથી અસંખ્ય ટેકેદારો અને ભાજપ કાર્યકરો અમરેલીથી રાજકોટ જવા રવાના થયાં છે. ગઈ કાલે રાજકોટ શહેરમાં સંમેલનો બેઠકો સાથે પ્રચાર ઝુંબેશ વેગવંતી બનાવઈ હતી.

રાજકોટ લોકસભા મત વિસ્તારમાં ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલા દ્વારા આજે પદયાત્રા, જાહેર સભા સાથે સ્નેહમિલન અને ઉમેદવારી પત્રો રજુ કરાશે. નિયત થયેલા કાર્યક્રમ મુજબ આજે તા.૧૬ને મંગળવારે સવારે ૯ વાગ્યે જાગનાથ મંદિર યાજ્ઞિક રોડ રાજકોટથી સવારે ૯ કલાકે પદયાત્રા, યાજ્ઞિક રોડ જાગનાથ મંદિરથી નિકળી વિવિધ વિસ્તારોમાં ફરશે. સવારે ૧૦ કલાકે બહુમાળી ભવન સરદાર પટેલ પ્રતિમા રેસક્રોસ રાજકોટ ખાતે સવારે ૧૦ વાગ્યે જંગી જાહેર સભા યોજાશે અને ૧૧-૩૦ કલાકે કલેકટર કચેરી ખાતે રાજકોટ લોકસભા બેઠકનું ઉમેદવારી પત્ર ૧૧-૩૦ કલાકે રજુ કરાશે. અને સેફ્રોન પાર્ટી પ્લોટ, કાલાવડ રોડ ૧૫૦ ફુટ રિંગરોડ રાજકોટ ખાતે સાંજે ૮-૩૦ કલાકે મોટા મૌવાના વિવિધ હાઈરાઈઝ ફલેટધારકોનો સ્નેહમિલન સમારોહ યોજાશે તેમ જણાવ્યુંછે.

રાજકોટ લોકસભા મત વિસ્તારના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાના વિધાનસભા ૬૮ના અને વિધાનસભા ૭૧ના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ઉદ્દઘાટન સાથે જંગી જાહેર સભા યોજાઈ હતી. જેમાં શ્રી પરશોતમભાઈ રૂપાલા, શ્રી ઉદયભાઈ કાનગડ, શ્રી મુકેશભાઈ દોશી, શ્રી દિલીપભાઈ સંઘાણી સહિત શ્રી ભાનુબેન બાબરીયા, શ્રી આર.સી.ફળદુ સહિતે સભાને સંબોધી હતી. વોર્ડ નં.૪ અને ૧૬ના અનેક કોંગ્રેસી આગેવાનો કોંગ્રેસ છોડી ભાજપમાં આવ્યા હતાં અને તેમને ભાજપ આગેવાનો દ્વારા આવકારવામાં આવ્યા હતાં. વિધાનસભા ૬૮ના ચૂંટણી કાર્યાલય ઉદ્દઘાટન બાદ જાહેર સભાને સંબોધતા શ્રી રૂપાલાએ જણાવ્યું કે દેશની જનતા ચૂંટણી પ્રક્રિયાથી આગળ છે. કમળ તરફી મત વર્ષા કરી દેશવાસીઓ નરેન્દ્રભાઈ મોદીને ત્રજી ટર્મમાં પ્રધાનમંત્રી બનાવવા મક્કમ બન્યા છે ત્યારે કાર્યકર્તાઓ નાગરિકોનો સંપર્ક કરીને ૧૦૦ ટકા મતદાન કરાવવા સઘન પ્રયાસો કરે તેમ શ્રી રૂપાલાએ જણાવ્યું હતું. કમળ ભારતીય વિચારધારાનો પ્રતિક છે. ભાજપે રાષ્ટ્ર હિતની નવી વિચારધારા આપી દેશને એક નવી દિશા આપી છે. શ્રી રૂપાલાને પાંચ લાખથી વધુ લીડથી વિજય બનાવવા પાર્ટીનો પ્રત્યે કાર્યકર કૃત નિશ્ચય બને તેમે શ્રી ઉદય કાનગડે જણાવ્યું હતું.

સૌ કાર્યકર્તાઓના પ્રયાસોથી શ્રી રૂપાલાના ઐતિહાસિક લીડથી વિજય બનાવી રાજકોટથી કમળ ખીલવીને દિલ્હી મોકલવા સંકલ્પ કરવા શ્રી મુકેશભાઈ દોશીએ જણાવ્યું હતું. એ જ રીતે અમરેલીથી શ્રી દિલીપભાઈ સંઘાણીએ પણ યશસ્વી વડાપ્રધાન શ્રી મોદીના હાથ મજબુત કરવા માટે શ્રી રૂપાલાને જંગી બહુમતીથી ચૂંટી કાઢીએ તેમ શ્રી દિલીપ સંઘાણીએ જણાવ્યું હતું. આ સભામાં શ્રી વજુભાઈ વાળા, શ્રી મોહનભાઈ કુંડારીયા, ડો. ભરતભાઈ બોઘરા, શ્રી રમેશભાઈ ટીલાળા, શ્રી નયૈનાબેન પીઢડીયા, શ્રી અશ્વિનભાઈ મોલીયા, શ્રી વિરેન્દ્રસિંહ ઝાલા, શ્રી ટપુભાઈ લીંબાસીયા, શ્રી ધનસુખભાઈ ભંડેરી, શ્રી વલ્લભભાઈ દુધાત્રા, શ્રી નરેન્દ્રભાઈ સોલંકી, શ્રી ખીમજીભાઈ મકવાણા, શ્રી કર્ણાભાઈ માલધારી, શ્રી જૈમિન ઠાકર, શ્રી જીતુભાઈ મકવાણા, શ્રી ઘનશ્યામભાઈ હેરમા વિધાનસભા -૬૮ના શ્રી રમશેભાઈ પરમાર, શ્રી પરિમલ પરડવા, શ્રી પુજાબેન પટેલ, શ્રી ભગવતીબેન, શ્રી નયૈનાબેન સોલંકી, શ્રી ભાનુબેન બાબરીયા, શ્રી આર.સી.ફળદુ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આ કાર્યક્રમ નિમિતે શ્રી રૂપાલાએ ડો. આંબેડકરની જન્મ જયંતિ પ્રસંગે સ્મારાંણજંલી પાઠવી હતી. સંમેલન દરમિયાન કોંગ્રેસના અનેક આગેવાનો વોર્ડ નં.૪ અને ૧૬ માંથી કોંગ્રેસ છોડી ભાજપમાં આવ્યા હતાં. જેમાં શ્રી ભીખાભાઈ ગજેરા, શ્રી વલ્લભભાઈ પડસાણા, શ્રી હિતેષ ત્રિવેદી, શ્રી નારણભાઈ હિરપરા, શ્રી ભાર્ગવભાઈ ગજેરા, શ્રી કાંતિભાઈ કયાડા, શ્રી જગદિશભાઈ ઘેટીયા અને વોર્ડ નં-૪ માંથી શ્રી દિનેશભાઈ મોલીયા, શ્રી વિમલ મુંગરા, શ્રી કલ્પેશભાઈ અજાણી સહિતના અસંખ્ય કાર્યકરો કોંગ્રેસ છોડી ભાજપના જોડાતા ભાજપ આગેવાનોએ આવકાર્યા હતાં.

શહેરના વિવિધ એસોસિએશન દ્વારા યોજાયેલા સ્નેહમિલન કાર્યક્રમમાં શ્રી પરશોતમભાઈ રૂપાલા, શ્રી વજુભાઈ વાળા, શ્રી મોહનભાઈ કુંડારીયા, શ્રી ભાનુબેન બાબરીયા, શ્રી રામભાઈ મોકરીયા, ડો. ભરતભાઈ બોઘરા, શ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી ધનસુખ ભંડેરી, શ્રી પરેશભાઈ ગજેરા, શ્રી વજુભાઈ ગોલ, શ્રી માવજીભાઈ ગોલ, શ્રી કિરીટભાઈ બુધદેવ, શ્રી દિપકભાઈ સંઘવી, શ્રી ચંદ્રેશભાઈ મહેતા, શ્રી દિપકભાઈ સાવલીયા, શ્રી જીતુભાઈ પટેલ, શ્રી મોન્ટુભાઈ પટેલ, શ્રી અશોકભા લુણાગરીયા, શ્રી જગદિશભાઈ વોરા, શ્રી સુરેશભાઈ રૈયાણી, શ્રી બકુલભાઈ, શ્રી જીતુભાઈ જોષી, શ્રી વિજયભાઈ કોરાટ, શ્રી રાજુભાઈ રંગાણી વિગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

## ઝાલા રાજપુત સમાજના માતાજી શક્ત સનાળા ખાતે શ્રી શક્તિમાં ના મંદિરે વિશ્વ કલ્યાણની પ્રાર્થના કરતા શ્રી રૂપાલા

### ચૈત્રી નવરાત્રી પર્વે શ્રી પરશોત્તમ રૂપાલાએ આશિર્વાદ મેળવ્યાં



અમરેલી, શક્ત સનાળા ખાતે ઝાલા રાજપુત સમાજના માતાજી શ્રી શક્તિમાં ના મંદિરે ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમ રૂપાલાએ ચૈત્ર નવરાત્રી પર્વે વિશ્વ કલ્યાણની પ્રાર્થના કરી હતી.


**નામ બદલાવેલ છે**

આથી અમો નીચે સહી કરનાર કાદર બક્ષુભાઇ કુંડલીયા જાહેર કરૂ છુ કે મે મારૂ નામ કુંડલીયા કાદરભાઇ બકસુભાઇ માંથી બદલાવીને કાદર બક્ષુભાઇ કુંડલીયા રાખેલ છે અને હવે પછીથી હું મારૂ નામ કાદર બક્ષુભાઇ કુંડલીયા તરીકે ઓળખાઇશ.
સહી : કાદર બક્ષુભાઇ કુંડલીયા
સરનામું : આમલીપેઢા, મુ. જાફરાબાદ, તા. જાફરાબાદ, જી.અમરેલી પીન : ૩૬૫૫૪૦


## બાબરા જીઆઇડીસી વિસ્તારમાં બીલ વગરનો માલ ઉતારી વેંચાતો હોવાની પણ આશંકા...!

### ભાવનગર રોડ પર આવેલી જીઆઇડીસીમાં દરરોજ બે નંબરી માલ ઉતારી અને વેંચાણ થતુ હોવાની સબંધીતોએ તપાસ કરવી જરૂરી

બાબરા, (દિપક કનૈયા)

બાબરા ભાવનગર રોડ પર આવેલી જીઆઈડીસી વિસ્તારમાં દરરોજ હજારો રૂપિયાના બેનંબરી બીલ વગરના માલ ની હેરાફેરી થતી હોવાની ચર્ચા જાગી છે.

એવું પણ ચર્ચામાં છે કે કારખાનાંઓ માંથી મોડી રાત્રે ટ્રકો ખાલી કરવામાં આવે છે અને ભરેલા ટ્રકો પણ મોડી રાતે કારખાનામાંથી બહાર કાઢવામાં આવે છે બિલ વગરના સેલ ટેક્સની મોટા પાયે ચોરી થઈ રહી છે ઉપરાંત આ વિસ્તારમાં અને કંપની દ્વારા પ્રદૂષણ ફેલાવવામાં આવી રહ્યું છે.

અગાઉ પણ અખબારી અહેવાલો આવ્યા હોવા છતાં પણ તંત્રના પેટમાં પાણી નથી હલતું જો સબંધીત વિભાગ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવે તો હકીકત બહાર આવે તેમ છે મોટા પાયે ચોરી કરવામાં આવતી હોવાની ચર્ચાએ વેગ પકડયો છે. આ અંગે સત્ય શું ? તે જવાબદાર અધિકારીઓએ બહાર લાવી જરૂરી પગલા લેવા પણ જરૂરી હોવાની લોકમાંગ ઉઠી છે.


TATA AIA
LIFE INSURANCE

**આત્મનિર્ભર બનો TaTa સાથે જોડાઇને**

આપ આપની ખુદની કંપની બનાવીને ટાટા કંપની સાથે એક ફ્રેન્ચાઈઝી (લીડર મોડલ) માં જોડાઈ શકો છો. કોઈપણ રોકાણ વગર અને આપ ઘણા લોકોને રોજગારી પણ આપી શકો છો,

અમરેલી જીલ્લાના દરેક તાલુકામાં ૫ ફોર્મ અને ગામડામાંથી ૧ ફોર્મ ભરાશે

આપની યોગ્યતા, માર્કેટીંગ અનુભવ, ટીમ બનાવવાનો અનુભવ, ૧૨ પાસ, કોર્પોરેટ ઓફીસના કર્મચારી, વધુ માહિતી સેમિનારમાં આપવામાં આવશે. એન્ટ્રી ફી ૧૫૦/- રહેશે.
સેમિનાર બાદ લંચની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આપના રજીસ્ટ્રેશન અને એન્ટ્રી ફી માટે કોલ કરો
મો. ૯૧૫૭૧ ૧૭૭૮૮






**પાંજરાપોળ ગૌશાળા અમરેલી**

-:: જોઇએ છે ::-

(૧) મેનેજર :- ગૌશાળાનું સંચાલન કરી શકે તેવા મેનેજરની જરૂરીયાત છે. રહેવાની સવલત આપવામાં આવશે. અનુભવી તથા નિવૃત કર્મચારીની પ્રથમ પસંદગી

(૧) કોમ્પ્યુટર ઓપરેટર :- કોમ્પ્યુટર ઉપર ગુજરાતી ટાઇપીંગ તથા એક્સેલ ઉપર કામ કરી શકે તેવા ઓપરેટરની જરૂર છે. અનુભવીની પ્રથમ પસંદગી.

અરજી તથા રીઝયુમ નીચેના સરનામે અથવા વોટ્સએપથી મોકલવા.

ઓફીસ : જીવદયા ભવન, જુની બજાર, સંભવનાથજી જૈન દેરાસર પાસે, પાણી દરવાજા રોડ, અમરેલી ફોન : (ઓફીસ) ૨૨૨૮૧૧ મો.૭૯૮૪૫ ૩૪૫૨૨

| દિલીપભાઇ પરીખ | વસંતભાઇ પોકળ | મુકુંદભાઇ ગઢીયા |
|---|---|---|
| ૯૮૨૫૫ ૪૯૧૧૭ | ૯૪૨૬૪ ૭૧૪૭૨ | ૯૩૨૮૬ ૧૨૦૬૪ |



**... ૫૩ વર્ષથી કાર્યરત ...**

લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC

**સૌનપાલ** ઓટો એડવાઈઝર્સ

◆◆◆◆ RTO એડવાઈઝર્સ ◆◆◆◆

...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...

વિમો + લાયસન્સ
નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે,
જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦

નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ,
માણેક સ્થંભની બાજુમાં,
લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫



**અસલ વેચાણ દસ્તાવેજ ગુમ થયા સબંધેની જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સૌ કોઈને આ જાહેર નોટીસથી જણાવવાનું કે, અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના મોજે ગામ આંબરડી (નારાયણનગર)ના રેવ. સર્વે નં. ૧૫૫/૧ માં આવેલ એમ. આઈ. જી. યોજના હેઠળ બનાવવામાં આવેલ સંજયગાંધી હાઉસીંગ સોસાયટીમાં આવેલ મકાન નં. ૯ કે જેનુ કુલ ક્ષેત્રફળ ૧૧૧.૪૧ ચો.મી. છે. તથા તેના ઉપર ૪૨.૨૨ ચો.મી. નું રહેણાંકીય હેતુસરનું બીલ્ટઅપ બાંધકામ આવેલ છે. તે મિલ્કતના માલીક અમોના અસીલ **શ્રી જયોતીબેન જીતેન્દ્રભાઈ દેવડા**એ તેમના માલીક **શ્રી અમિતાબેન બિપીનભાઈ શેઠ** પાસેથી સને ૨૦૨૪ ની સાલમાં તા.૧૬-૩-૨૦૨૪ ના રોજ રજી. વે. દ. નં. ૩૫૩ થી ખરીદ કરેલ. ઉપરોકત મિલ્કતના અગાઉના માલીક **શ્રી અમિતાબેન બિપીનભાઈ શેઠે** તેમના અગાઉના માલીક **શ્રી પ્રવિણચંદ્ર રતિલાલ રાણા** પાસેથી તા.૧૩-૪-૨૦૨૩ ના રોજ રજી. વે. દ. નં. ૯૦૨ થી સહઅવેજ ખરીદ કરેલ. તે અગાઉ શ્રી ગુજરાત રૂરલ હાઉસીંગ બોર્ડના ઓથોરાઈઝડ સીગ્નેટરી **શ્રી જગમલભાઈ પરમાર** પાસેથી **શ્રી પ્રવિણચંદ્રરતિલાલ રાણા**એ સને ૨૦૨૨ ની સાલમાં તા.૧૯-૧૨-૨૦૨૨ ના રોજ રજી. વે. દ. નં. ૧૪૧૫ થી ખરીદ કરેલ.

શ્રી ગુજરાત રૂરલ હાઉસીંગ બોર્ડના ઓથોરાઈઝડ સિગ્નેટરી **શ્રી જગમલભાઈ પરમારે,** કરી આપેલ **શ્રી પ્રવિણચંદ્ર રતિલાલ રાણા**ના નામ જોગના તા.૧૯-૧૨-૨૦૨૨ ના રોજના રજી. વે. દ. નં. ૧૪૧૫ ના અસલ દસ્તાવેજના પેઈજ પૈકી પેઈજ નં. ૧૩ થી પેઈજ નં. ૨૧ સુધીના પેઈજ શરતચુકથી ગુમ થયેલ યાને કે ગેરવલ્લે ગયેલ હોય, તે સહીતના તમામ દસ્તાવેજો સહીત **શ્રી જયોતીબેન જીતેન્દ્રભાઈ દેવડા**એ જે. એમ. ફાઈનાન્શીયલ સર્વીસીસ લી. માંથી લોનની સવલત મેળવેલ છે. પરંતુ તમામ અસલ દસ્તાવેજો જે. એમ. ફાઈનાન્સ સર્વીસીસ લી. પાસે મોર્ગેજ સ્વરૂપે તારણમાં મુકતા સમયે તા.૧૯-૧૨-૨૦૨૨ ના રોજના રજી. વે. દ. નં. ૧૪૧૫ ના દસ્તાવેજના પેઈજ નં. ૧૩ થી પેઈજ નં. ૨૧ ગુમ થયેલાનું જણાય આવતા આ નોટીસથી લાગતા વળગતા સૌ કોઈને જણાવવાનું કે, સદર મિલ્કત પરત્વે કોઈપણ વ્યકિત, શખ્સ, સમુહ, સંસ્થા, પેઢી, મંડળી, ભાગીદારી પેઢી, કંપની, રાષ્ટ્રીયકૃત કે કો. ઓ. બેંક, કો. ઓ. બેંક, કોર્પોરેટ બેંક કે નાણા ધીરધાર કરતી સંસ્થા કે કોઈપણ સરકારી કે અર્ધસરકારી સંસ્થાનું સદર મિલ્કત પરત્વે કોઈપણ પ્રકારે લીયન, ચાર્જ કે બોજો કે ભાડા કબજામાં હોય કે સદર મિલ્કત પરત્વે કોઈનો કોઈપણ પ્રકારે રાઈટ, ટાઈટલ, ઈન્ટ્રેસ્ટ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ ૭** માં નીચેના સરનામે લેખીતમાં આધાર પુરાવા સહીત જાણ કરવી. સદર સમય દરમ્યાન કોઈના પણ તરફથી કોઈપણ પ્રકારના વાંધા નહી આવેથી અગર તો વેવ કરેલાનું સમજી ઉપરોકત મિલ્કત જે. એમ. ફાઈનાન્સીયલ સર્વીસીસ લી. પોતાની સમક્ષ તારણમાં રાખી લોનની સવલત આપવા સબંધેની ઘટતી કાર્યવાહી કરશે જેની લાગતા, વળગતા સૌ કોઈએ નોંધ લેવી.

ભાવનગર,
તા.૧૫/૦૪/૨૦૨૪
૩૦૨, રોયલ કોમ્પલેક્ષ,
હજુર પાયગા રોડ, નવાપરા,
ભાવનગર. મો. ૯૮૨૫૪૫૧૯૧૫

અમારા મારફત
**રશ્મિન. એલ. પટેલ**
(એડવોકેટ & નોટરી)








**આપના વાહનમાં કાર્બન કલીનીંગ કરાવો અને વાહનનું આયુષ્ય વધારો...**

વિકસીત દેશોમાં પ્રચલીત અને ભારતમાં ધુમ મચાવતી આ ટેકનોલોજી હવે આપણા અમરેલી શહેરમાં ઉપલબ્ધ. હાઇડ્રોઓક્સી ગેસની મદદથી સરળ અને સલામત રીતે એન્જીનમાં જમા થયેલ કાર્બનની જડમુળથી સફાઇ

**કાર્બન કલીનીંગથી થતા ફાયદાઓ**

- પીક - અપ વધે છે.
- એવરેજ વધે છે.
- ધુમાડો (પોલ્યુશન) ઘટે છે.
- વાયબ્રેશન, લોકીંગ ઘટે છે.
- એન્જીન ઓઇલનો વપરાશ ઘટે છે.
- એન્જીનનાં ખર્ચાળ રીપેરીંગ ઘટે છે.
- એન્જીનનો અવાજ ઘટે છે.
- એન્જીનની તાકાત વધે છે.
- એન્જીનની કાર્યદક્ષતા વધે છે.
- એન્જીનનું આયુષ્ય વધે છે.

એન્જીનનું કાર્બન કલીનીંગ થયા પછી ડ્રાઇવીંગ કરવામાં એક અનેરો અહેસાસ મહેસુસ થાય છે.

અદ્યતન ટેકનોલોજીથી માત્ર એન્જીનનું

કાર્બન કલીનીંગ
મેળવો નવા એન્જીન જેવું પરફોર્મન્સ તે પણ એન્જીન ખોલ્યા વિના.

વધુ વિગત માટે આજે જ સંપર્ક કરો
**ગુલઝાર કાર ટાયર કેર**
અયુબભાઇ ટાંક મો.૯૮૨૪૪ ૫૮૫૩૦
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, જી.ઇ.બી.ગલી કોર્નર, અમરેલી





AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૧૬-૦૪-૨૦૨૪ મંગળવાર

# આખા ગુજરાતનું ધ્યાન ચૂંટણીમાં એક માત્ર રાજકોટ પર કેમ કેન્દ્રિત છે?

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસે બાકી રહેલા ચાર ઉમેદવારોનાં નામ જાહેર કરી દીધાં. આ ચાર બેઠકોમાં રાજકોટમાં ભાજપના પરસોત્તમ રૂપાલા સામે પરેશ ધાનાણી, મહેસાણામાં ભાજપના હરિભાઈ પટેલ સામે રામજી ઠાકોર, અમદાવાદ પૂર્વમાં ભાજપના હસમુખ પટેલ સામે હિંમતસિંહ પટેલ અને નવસારીમાં નવા પ્રદેશ પ્રમુખ સી. આર. પાટિલ સામે નૈષધ દેસાઈને ટિકિટ આપી છે. કોંગ્રેસે વિધાનસભાની પાંચ બેઠકોની પેટાચૂંટણી માટે પણ વિજાપુરથી દિનેશ પટેલ, પોરબંદરથી રાજુ ઓડેદરા, માણાવદરથી હરિભાઈ કણસાગરા, ખંભાતથી મહેન્દ્રસિંહ પરમાર અને વાઘોડિયાથી કનુભાઈ ગોહિલને ટિકિટ આપી છે.

વિધાનસભાની પેટાચૂંટણી કોંગ્રેસ કે ભાજપ માટે બહુ મહત્ત્વની નથી કેમ કે ગુજરાતમાં સત્તાનાં સમીકરણો બદલાવાનાં નથી. કોંગ્રેસ એક-બે બેઠકો નહીં પણ બધી પાંચેય બેઠકો જીતી લે તો પણ ફરક નથી પડવાનો કેમ કે આ પાંચમાંથી ચાર બેઠકો ૨૦૨૨માં કોંગ્રેસે જ જીતી હતી. આ સંજોગોમાં વિધાનસભાની પેટાચૂંટણીનું રાજકીય રીતે મહત્ત્વ નથી પણ લોકસભાની ચૂટણી મહત્ત્વની છે કેમ કે તેનાં પરિણામ દેશમાં પછી કોની સત્તા હશે એ નક્કી કરવામાં યોગદાન આપશે તેથી તેની વાત કરવી જરૂરી છે.

કોંગ્રેસે બાકી રહેલી ચાર બેઠકો પરના જે ઉમેદવારો જાહેર કર્યા તેમાં હિંમતસિંહ પટેલ અને નૈષધ દેસાઈ ફૂટેલી કારતૂસો છે. એ બંને ભાજપને હરાવે એવી તો કલ્પના જ ના થઈ શકે પણ દેશમાં સૌથી વધુ હારનારા ઉમેદવારોમાં તેમનું નામ ના આવે તો પણ એ તેમની સિદ્ધિ ગણાશે. મહેસાણામાં કોંગ્રેસે ઉતારેલા રામજી ઠાકોર રસપ્રદ પસંદગી છે. મહેસાણામાં ભાજપના હરિભાઈ પટેલ સામે રામજી ઠાકોરને મેદાનમાં ઉતારીને કોંગ્રેસે પટેલ વર્સીસ ઠાકારનો જંગ સેટ કરી દીધો છે.

રામજી ઠાકોર ભાજપના હરિભાઈ પટેલને હરાવી શકે એવી શક્યતા નહિવત છે રામજી ઠાકોરની પસંદગી ઉત્તર ગુજરાતની પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠા બેઠકો પર કોંગ્રેસને ફાયદો કરાવી શકે છે કેમ કે આ ત્રણેય બેઠકો પર ઠાકોર મતદારો મોટી સંખ્યામાં છે અને નિર્ણાયક છે. કોંગ્રેસે એક બેઠક હારવાનું જોખમ ઉઠાવીને ત્રણ બેઠકો પર ફાયદાની ગણતરી માંડી એ વ્યૂહાત્મક રીતે સારી ચાલ છે. કોંગ્રેસ આવી ચાલની આશા નહોતી એ જોતાં કોંગ્રેસે આશ્ચર્ય સર્જ્યું.

રાજકોટમાં કોંગ્રેસે પરેશ ધાનાણીને ઉતારીને એવી જ ચાલ ખેલી નાખી છે. પરસોત્તમ રૂપાલા સામે કોંગ્રેસ પરેશ ધાનાણીને મેદાનમાં ઉતારશે એવી શક્યતા હતી જ તેથી આ નિર્ણય આશ્ચર્યકારક નથી પણ કોંગ્રેસે ધાનાણીને જ ઉતારીને રાજકોટના જંગને રસપ્રદ બનાવી દીધો છે એ જોઈએ. પરસોત્તમ રૂપાલા તેમના નિવેદનના પગલે ક્ષત્રિયોના રોષનો ભોગ બની રહ્યા છે અને ક્ષત્રિયો તેમની ટિકિટ કાપવામાં આવે એ માગ પર અડી ગયા છે ત્યારે જ કોંગ્રેસે પરેશ ધાનાણીને મેદાનમાં ઉતારીને રૂપાલા સામે મજબૂત ઉમેદવાર ઉતારી દીધો છે એવું લાગી રહ્યું છે. ધાનાણી રૂપાલાને હરાવી જ દેશે એમ કહેવું છે પણ ધાનાણીનો ટ્રેક રેકોર્ડ જોતાં એ રૂપાલાને જોરદાર ટક્કર આપી શકશે એવું ચોક્કસ માની શકાય.

રૂપાલા સામે ધાનાણીની પસંદગી એ રીતે રસપ્રદ છે કે, ધાનાણી કોંગ્રેસમાં જાયન્ટ કિલર માનવામાં આવે છે. પરેશ ધાનાણી ભૂતકાળમાં ત્રણ દિગ્ગજ ભાજપ નેતાઓને હરાવવાનો અનુભવ ધરાવે છે ને મજાની વાત એ છે કે, તેની શરૂઆત પરસોત્તમ રૂપાલાથી હરાવીને કરી હતી. માત્ર ૨૬ વર્ષની ઉંમરે રૂપાલા જેવા મજબૂત નેતાને હરાવીને રાજકીય કારકિર્દીની શરૂઆત કરનારા પરેશ ધાનાણીને આ કારણે જ કોઈ હળવાશથી લેતું નથી. ૨૦૦૨માં પરેશ ધાનાણીએ વિધાનસભાની ચૂંટણીમાં અમરેલીની બેઠક પરથી પરસોત્તમ રૂપાલાને ૧૬ હજાર મતે હરાવ્યા હતા. અમરેલી બેઠક પરથી ત્રણ વાર તરીકે ચૂંટાયેલા અને મોદી સરકારમાં મંત્રી રૂપાલાની હાર સૌ માટે આંચકાજનક હતી. રૂપાલા ઉપરાંત ભાજપના વધુ એક દિગ્ગજ નેતા દિલીપ સંઘાણીને પણ ધાનાણી હરાવી ચૂક્યા છે. ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં અમરેલી બેઠક પર ધાનાણીએ સાંઘાણીને હરાવ્યા હતા. આ ઉપરાંત ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં અમરેલી બેઠક પરથી જ તેમણે બાવકુ ઉઘાડને હરાવ્યા

ધાનાણીની પસંદગી એ રીતે પણ મહત્ત્વની છે કે, ધાનાણી લેઉઆ પાટીદાર છે જ્યારે રૂપાલા કડવા પાટીદાર છે. રાજકોટ બેઠક પર બે પાટીદાર ઉમેદવારો વચ્ચેની ટક્કરમાં જ્ઞાતિવાદનાં સમીકરણોમાં ધાનાણીનો હાથ ઉપર છે. રાજકોટ બેઠક પર ચાર લાખ લેઉવા પટેલ અને એક લાખ કડવા પટેલ મતદારો છે. આ કારણે કોંગ્રેસ પરેશ પર પસંદગીનો કળશ ઢોળાયો છે. લેઉવા પાટીદારો એકતરફી મતદાન કરે અને ક્ષત્રિયો પણ કોંગ્રેસને મત આપે ભાજપના ગઢ રાજકોટમાં ધાનાણી રૂપાલાને ભારે પડી શકે છે.

રાજકોટ લોકસભા બેઠકની ભાજપનો ગઢ માનવામાં આવે છે. છેલ્લી બે ચૂંટણીમાં ભાજપે સરળતાથી આ બેઠક જીતી હતી પણ એ પહેલાં ૨૦૦૯માં આ બેઠક પર ઉમેદવાર અને હાલના ગુજરાતના કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાનો વિજય થયો હતો. ધાનાણી આ ઈતિહાસ દોહરાવવા સક્ષમ છે એવું ભાજપના નેતા પણ સ્વીકારે છે.

રાજકોટ બેઠક પર ક્ષત્રિય મતદારો બહુ નિર્ણાયક નથી પણ ક્ષત્રિયો જે રીતે રૂપાલાની પાછળ હાથ ધોઈને પડ્યા છે એ જોતાં ક્ષત્રિયોનું સંપૂર્ણ મતદાન રૂપાલાની વિરુધ્ધ અને તરફેણમાં થાય તો રૂપાલાને જીતવું કપરું પડી શકે છે. રવિવારે જ રાજકોટના રતનપર ગામે ક્ષત્રિય સમાજના મહાસંમેલનમાં રૂપાલાને હરાવવાનો ઠરાવ કરાયો છે. ક્ષત્રિયો ગામેગામ ફરીને કહી રહ્યા છે કે, આ વખતે લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને મત આપજો. ક્ષત્રિય સમાજની ૧૦૦ મહિલા રૂપાલા સામે ઉમેદવારી કરવાની છે કે જેથી બેલેટ પેપરથી કરાવવું પડે. આ સીનેરિયો વચ્ચે કોંગ્રેસે ધાનાણીને ટિકિટ આપીને રૂપાલાની મુશ્કેલી વધારી દીધી છે. રૂપાલા અને ધાનાણીમાં કોણ જીતશે એ સમય કહેશે પણ અત્યારે રાજકોટના મતદારો અને વધારે તો રાજકીય કાર્યકરોની દયા આવે છે. રાજકોટમાં ભાજપ અને કોંગ્રેસ બંનેએ સ્થાનિક ઉમેદવારને બાજુ પર મૂકીને અમરેલીના બે પટેલોને ટિકિટ આપી એ જોતાં બંને પક્ષના કાર્યકરો શું કરતા હતા એ સવાલ થાય. ભાજપ અને કોંગ્રેસ બંને પાસે સ્થાનિક સ્તરે લોકોની વચ્ચે રહીને કામ કરનારો નેતા નથી એવું જ માનવું પડે ને ?

# ધારીના વિરપુરમાં પરિણીતાનું વિજ શોક લાગતા મોત

## પાણીની મોટર શરૂ કરવા જતાં વિજ શોક લાગતા મોત નિપજ્યું

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) ધારી તાલુકાના વીરપુર ગામે રહેતી રિધ્ધીબેન કેતનભાઈ જીયાણી ઉ.વ.૨૩ પોતાના ઘરે પાણી ભરવા માટે ઈલેકટ્રિક મોટર ચાલુ કરવા જતાં વિજ શોક લાગતા નીચે પડી જતાં ૧૦૮ એમ્બ્યુલન્સમાં ધારી સરકારી દવાખાને સારવારમાં લાવતા ફરજ પરના તબીબે તપાસી મૃત્યુ પામ્યાનું જાહેર કર્યાનું કેતનભાઈ લાલજીભાઈ જીયાણીએ ધારી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.








રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા. ૧૬.૪.૨૦૨૪ મંગળવાર ,સંવંત ૨૦૮૦ ચૈત્ર સુદ આઠમ, પુષ્ય નક્ષત્ર, ધ્રુતિ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે.

## અગાઉ અત્રે લખ્યા મુજબ એપ્રિલ યુદ્ધના માહોલમાં પસાર થઇ રહ્યો છે!

અગાઉ અત્રે લખ્યા મુજબ ઈરાન ઈઝરાયેલ યુદ્ધ આગળ વધી રહ્યું છે અને અન્ય દેશો પણ તેમાં પોતપોતાની ભૂમિકા ભજવી રહ્યા છે વળી અગાઉ મેં લખેલું કે આ બાબતના મૂળમાં દરિયો હશે તે મુજબ જહાજનું જપ્ત થવું એક બાબત બની છે અને વિશ્વની ઘણી સેનાઓ સમુદ્રમાં જ રાહ જોઈ રહી છે આમ મીનનો રાહુ સમુદ્રમાં યુદ્ધ પ્રક્રિયા વધારી રહ્યો છે તો સૂર્ય મહારાજ ઉચ્ચના થતા બહુ ઝડપ થી કડક નિર્ણયો આવી રહ્યા છે અને રાજા તથા સેનાપતિ સક્રિય બની પગલાં લેવાનું મન બનાવી ચુક્યા છે! મંગળ શનિ યુતિના કારણે કેટલાક ક્રૂર પગલાં અને યુદ્ધના પગલાં વિશ્વમાં લેવાઈ રહ્યા છે જે માનવજાત માટે જોખમી છે ખાસ કરીને એપ્રિલ ખુબ ભારે હશે જે વિષે અત્રે લખી ચુક્યો છું. આજરોજ ચૈત્રી નવરાત્રી આઠમ છે,



અર્થમાં નોરતે માં મહાગૌરીની સાધના થાય છે. મહાગૌરીના ચાર હાથ છે. તેમનુ વાહન વૃષભ છે. તેમના ઉપરના ડાબા હાથમાં મુદ્રા અને નીચેવાળા ડાબા હાથમાં ત્રિશૂલ છે. તેમના ઉપરના જમણા હાથમાં ડમરૂ અને નીચેના જમણા હાથ આશીર્વાદ-મુદ્રામાં છે. ભગવાન શિવને પામવા માટે માતાજીએ કઠોર સંકલ્પ લીધો હતો ,આ કઠોર તપને કારણે તેમનુ શરીર એકદમ કાળુ પડી ગયુ હતુ. તેમની આ તપસ્યાથી પ્રસન્ન અને સંતુષ્ટ થઈ ભગવાન શિવજીએ તેમના શરીરને ગંગાજીના પવિત્ર પાણીથી સ્નાન કરાવ્યું ત્યારે તેઓ વિદ્યુત પ્રભાની જેમ ગોરા થઈ ગયા. ત્યારથી તેમનુ નામ મહાગૌરી પડ્યું. માઁ મહાગૌરીનું ધ્યાન, સમરણ, પૂજન-અર્ચના ભક્તોને માટે બધી રૂપે કલ્યાણકારી છે. તેમની કૃપાથી અપાર સિધ્ધિની પ્રાપ્તિ થાય છે અને દેહ કાંતિ ખીલે છે આપણી ઓરા પ્રભાવી બને છે.

મેષ (અ,લ,ઈ) : નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો, મુસાફરી થાય, શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : તમારા વિચારોને અમલમાં મૂકી શકો .ભાઈ ભાંડુ સુખ સારું રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
મિથુન (ક,છ,ઘ) : કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, શુભ દિન.
કર્ક (ડ,હ) : ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી શકો.
સિંહ (મ,ટ) : કોઈ બાબતને અહમનો પ્રશ્ન ના બનાવવો, વાદ વિવાદ થી દૂર રહેવું, મતભેદ નિવારવા સલાહ છે, મધ્યમ દિવસ.
કન્યા (પ ,ઠ ,ણ) : અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય. દિવસ સારો રહે.
તુલા (ર,ત) સ્ત્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગ ને મધ્યમ રહે ,નોકરિયાત વર્ગની પ્રગતિ થાય.
વૃશ્ચિક (ન ,ય) : યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.
ધન (ધ,ભ,ફ,ઢ ): જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશ થી સારા સમાચાર મળે, જુના મિત્રોને મળવાનું થાય.
મકર (ખ,જ) : સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.
કુંભ (ગ ,સ,શ) :ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે , તબિયતની કાળજી લેવી, વધુ પડતી દોડધામ નિવારવા સલાહ છે.
મીન (દ,ચ,ઝ,થ): વિદ્યાર્થીવર્ગને એકાગ્રતા રહે, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, શુભ દિન.

### અમરેલી એસઓજીની ટીમે બાતમી આધારે દરોડો પાડયો

# બગસરાના ડેરીપીપરીયામાં દોઢ કિલ્લો ગાંજા સાથે એક ઝડપાયો

## અમરેલી એસઓજીએ રૂા.૧૫,૪૨૦નો જથ્થો અને મોબાઇલ મળી રૂા.૨૦,૪૨૦નો મુદામાલ કબ્જે લીધો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) બગસરા તાલુકાના ડેરીપીપરીયા ગામે હનુમાન પરા મફત પ્લોટમાં સુરેશ કાળુભાઈ બગડાને નશાકારક માદક પર્દાથ ડાળખા સાથેના ભેજ યુકત સુકા ગાંજો એક કિલ્લો ૫૪૨ ગ્રામ રૂા.૧૫,૪૨૦ તથા એક એંડ્રોઈડ મોબાઈલ રૂા.૫ હજાર મળી કુલ રૂા.૨૦,૪૨૦ના મુદામાલ સાથે અમરેલી એસઓજીના પીએસઆઈ એન.બી.ભટ્ટે ઝડપી પાડયો હતો. જયારે આ જથ્થો કલ્પેશ પારગીં રહે. રાજસ્થાન વાળાએ આપી ગુનામાં મદદગારી કર્યાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### લીલીયામાં ૪ બોટલ ઇંગ્લીશ દારૂ સાથે એક ઝડપાયો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) લીલીયામાં બસ સ્ટેન્ડ પાછળ કિકાણી પ્લોટ વાળા રસ્તે રાજેશ ઉર્ફે ધમો દેવસીભાઈ ધમાતને પો.કોન્સ. સિધ્ધરાજસિંહ જાડેજાએ ચાર બોટલ ઈંગ્લીશ દારૂ રૂા.૧૪૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો.

### માટી ઉપાડવાનું કામ કરતા કોન્ટ્રાકટર તથા ડ્રાઇવર પાસે

# છતડીયાની સીમમાં ૪૦ હજારની ખંડણી માંગી ધમકી આપી

## વંડાના શખ્સે હિટાચી મશીન પર ધોકા મારી ખંડણી માંગી છરી ભતાવી કામ બંધ કરાવવા ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) રાજુલા તાલુકાના છતડીયા ગામની સીમમાં ખારાવાડી ખોડિયારના તળાવમાં કલ્યાણ પુર તાલુકાના પિંડારા રામપુરના કિશનભાઈ લાખાભાઈ માડમ ઉ.વ.૨૬ની ડ્રીમ કન્ટ્રકશન કંપનીને નેશનલ હાઈવે મહુવાથી કાગવદર પેકેજ-૩માં કે.સી.સી. બિલ્ડકોન પ્રા. લીમીટેડમાંથી મળેલા વર્કઓર્ડર મુજબ રોડમાં માટી કામ કરવાનો ઓર્ડર મળેલ. જે ઓર્ડર મુજબ કિશનભાઈ સુજલામ સુફલામ યોજના અંતર્ગત મંજુરી લઈ છતડીયા ગામની સીમમાં ખારાવાડી ખોડિયાર તળાવમાંથી માટી ઉપાડવાનું કામ કરતા હોય. ત્યારે વડગામના અલ્પેશ ધોહાભાઈ ધાખડા હાથમાં છરી લઈ આવી હિટાચી મશીનના ડ્રાઈવરોને તથા કિશનભાઈને ગાળો બોલી હિટાચી મશીન ઉપર ધોકા મારી કિશનભાઈને કહેલ કે જો તમારે અહીં કામ કરવું હોય. તો અમારા ગામના રસ્તે તમારે વાહનનો ચલાવવા હોય તો મને રૂા.૪૦,૦૦૦ની ખંડણી આપો નહીં તો કામ બંધ કરો તેવું જણાવી કિશનભાઈ તથા વિરભદ્રભાઈને છરી બતાવી કામ બંધ કરાવી ધમકી આપ્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જીથુડીમાં પાન-બીડી અને કરિયાણાની દુકાનમાં રોકડ રૂપીયા ૧૦ હજારની ચોરી

## ચોરી કરી ભાગવા જતાં દિકરી જોઇ જતાં આરોપી વંડી ટપી ગયો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) જીથુડી ગામે રહેતા અશોકભાઈ ડાયાભાઈ હિરપરા ઉ.વ.૫૦ની પાન બીડી તથા કરિયાણાની દુકાનમાં ઘરમાં પડતા દરવાજામાંથી ગેરકાયદેસર પ્રવેશ કરી દુકાનમાં થડામાં રાખેલ રોકડ રૂપિયા ૧૦,૦૦૦ની ચોરી કરી ભાગવા જતાં ઓશભાઈ હિરપરાની દિકરી હેનિકા જોઈ જતાં તેના જ ગામના આરોપી વિપુલ ભરતભાઈ પરમાર વંડી ટપી નાસી ગયાની વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

### ગાધકડામાં પરિણીતાએ ઝેરી દવા પી જતાં દવાખાને ખસેડાઇ

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે રહેતી જાગૃતિબેન જનકભાઈ મકવાણા ઉ.વ.૨૭ને બેદિવસી ઉદરસ થઈ ગયેલ હોય તેમના ઘરે પાણીયારાના માળીયા ઉપર ઉદરસની દવા રાખેલ હોય જે ઉદરસની દવા પી જતાં બાજુમાં રાખેલ કપાસમાં છાંટવાની ઝેરી દવા ભુલથી પી જતાં ઝેરી અસર થતાં સાવરકુંડલા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ છે.

### અગામી લોકસભા ચૂંટણીમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસ દ્વારા કડક કાર્યવાહી

# અમરેલી જિલ્લામાં આઠ વાહનચાલકો સહિત ૩૬ નબીરાઓને ઝડપી લીધા

## જિલ્લામાં જુદા જુદા સ્થળોઓથી દેશી દારૂના ૨૬ દરોડા પાડી ૬ મહિલા સહિત ૨૩ શખ્સો મુદામાલ કબ્જે લેવાયો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) અમરેલી જિલ્લામાં આગામી લોકસભાની ચૂંટણી શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે માટે પોલીસ અધિક્ષક હિંમકરસિંહ માર્ગદર્શન હેઠળ જિલ્લામાં અવિરત પણે અસામાજિક પ્રવૃતિઓને રોક લગાવવા માટે પોલીસ દ્વારા અવિરત પણે કાર્યવાહીઓનો દૌર શરૂ રાખેલ છે. અમરેલી જિલ્લામાં જુદા જુદા સ્થળોએ ૮ વાહન ચાલકો સહિત ૩૬ શખ્સોને નશો કરેલ હાલતમાં ઝડપી જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં અમરેલી રૂરલ, બાબરા, સાવરકુંડલા, લીલીયા, જાફરાબાદ, ચલાલા, લાઠી, ધારી, નાગેશ્રી, સાવરકુંડલા રૂરલ, ખાંભા, અમરેલી પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. જયારે જિલ્લામાં દેશીદારૂના જુદા જુદા ૨૬ સ્થળોએ દરોડાઓ પાડી ૬ મહિલા સહિત ૨૩ શખ્સોને મુદામાલ સાથે પોલીસે ઝડપી પાડયા હતાં. જેમાં અમરેલી ,અમરેલી રૂરલ, રાજુલા, લાઠી, બાબરા, સાવરકુંડલા, જફરાબાદ, જાફરાબાદ મરીન, મરીન પીપાવાવ, દામનગર, ચલાલા, વંડા, ધારી પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

### પ્રોહિનો કેસ કરેલ હોય જેનું મનદુઃખ રાખી

# ધારીમાં એક મહિલા સહિત ચારે પોલીસ સ્ટેશનમાં જઇ પોલીસ કર્મીને મારમારી ફરજમાં રૂકાવટ કરી

## ઝપાઝપી કરી ગાળો બોલી ફરજમાં રૂકાવટ કરી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) ધારી પોલીસ સ્ટેશનમાં આરોપીઓના સબંધી ઉપર પ્રોહીનો કેસ કરેલ હોય. જેનું મનદુઃખ રાખી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સુર્યકાંત અમૃતલાલભાઈ વિસાણી, નિર્સગ સુર્યકાંતભાઈ વિસાણી, નિકીતાબેન સુર્યકાંતભાઈ વિસાણી રહે. અમરેલી તથા ધર્મેશભાઈ નવીનભાઈ ભટ્ટી રહે. રાજકોટ વાળા ધારી પોલીસ સ્ટેશનમાં આવી પીઆઈ ચેમ્બરની બહાર જોર જોરથી ગાળો બોલી હે.કોન્સ. મનુભાઈ માંગાણી સાથે ઝપાઝપી કરી મારમારી જમીન ઉપર પછાડી મનુભાઈ તથા હાજર પોલીસ કર્મચારી તેમજ અધિકારી વચ્ચે પડતા તેઓ ઉપર પણ હુમલો કરી ઝપાઝપી કરી ગાળો બોલી ફરજમાં રૂકાવટ કરી ધમકી આપ્યાની ધારી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ખાંભાના કોટડાની સીમમાં પ્રૌઢ સહિત બે ઉપર હુમલો

## સગાભાઇએ ખરપીયા અને પાઇપ વડે મારમારી ઇજા કરી

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) ખાંભા તાલુકાના કોટડા ગામની સીમમાં પ્રતાપભાઈ ગભરૂભાઈ વાળા ઉ.વ.૪૦ પોતાની વાડીએ ચીકુડીને પાણી પીવડાવવા મોટર શરૂ કરતાં તેના ભાઈ અનક ગભરૂભાઈ વાળાએ મોટર શું કામ શરૂ કરી તેવું જણાવી ગાળો બોલી બપોરના દોઢેક વાગ્યે પ્રતાપભાઈ પોતાના ઘરની બહાર બજારમાં હતાં ત્યારે સવારમાં બનેલા બનાવનું મનદુઃખ રાખી પાઈપ વડે સાથળમાં મારમારી બીજો ઘા મારવા જતાં પાઈપ પકડી લેતા તે દરમિયાન ભુપતભાઈ આવી જતાં અનક પોતાના ઘરે જઈ લોખંડનો ખરપીયો લઈ આવી પ્રતાપભાઈને મારવા જતાં ભુપતભાઈ બચાવવા વચ્ચે પડતા ડાબા પગમાં ખરપીયા વડે મારમારી ઝપાઝપી કરી છાતીમાં મુંઢ ઈજા કરી પ્રતાપભાઈને ખરપીયા વડે ડાબા પગે અને નાક ઉપર ઈજા કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# કુંડલામાં ટ્રેકટર રિવર્સમાં લેતા બાઇક સાથે ભટકાવી ઇજા કરી

## બાઇક સાથે ભટકાવી પગમાં ફ્રેકચર કરી નાસી ગયો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) સાવરકુંડલા ખોડિયારનગરમાં રહેતા કિશોરભાઈ દુલર્ભજીભાઈ ગોહિલ ઉ.વ.૫૭ના બાઈક સાથે હિંમત રાજાભાઈ કાનાણીએ પોતાનું ટ્રેકટર માણસની જીંદગી જોખમાઈ તે રીતે બેફિકરાથી રિર્વસમાં ચલાવી બાઈક સાથે ભટકાવી કિશોરભાઈને ડાબા પગમાં ફેકચર કરી જમણા હાથે છોલાણ કરી નાસી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# સાવરકુંડલામાં જુદા જુદા બે મોબાઇલ ચોરાયા

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) સાવરકુંડલા બેટીયા વાસમાં રહેતા કિશનભાઈ જસાભાઈ શિયાળનો વીવો કંપનીનો રૂા.૧૨,૯૯૯ની કિંમતનો સીમ સાથેનો મોબાઈલ પેન્ટના ખીસ્સામાંથી કયાંક પડી જતાં કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે બીજા બનાવમાં સાવરકુંડલા પ્રકાશભાઈ બાબુભાઈ લાલુવાડીયા દેવળાગેટ ભેરૂનાથ પાંઉભાજીમાં પાંઉભાજી લેવા ગયેલ ત્યારે તેમના પેન્ટના ખીસ્સામાં રાખેલ સેમસંગ કંપનીનો રૂા.૧૩,૯૯૯ની કિંમતનો સીમ સાથેનો મોબાઈલ કોઈ ચોરી ગયાની સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલીનાં કાજીવાડમાં જુગાર રમતા અમદાવાદનાં શખ્સ સહિત ૩ ઝડપાયા

## પોલીસે દરોડો પાડી જુગારના પટ્ટમાંથી રોકડ રકમ રૂપિયા ૧૦ હજાર ઉપરાંતનો મુદામાલ કબ્જે કર્યો

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર) અમરેલી મોટા કાજીવાડમાં દરગાહ પાસે જાહેરમાં હારજીતનો જુગાર રમતા અમરેલીના મોસીન સતારભાઈ કાજી, મુબીન મહેબુબ મીયા કુરેશી તથા અમદાવાદના મહોમદ અબ્દુલ મજીદ કાજીને પો.કોન્સ. અતુલભાઈ માટીયાએ રોકડ રૂા. ૧૦,૦૫૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

# રાજુલા નજીક ખાખબાઇનાં ટેકરા વિસ્તારમાં બે જુથ વચ્ચે મારમારી

## લાકડાના ધોકા, ઢીકાપાટુ વડે મારમારી ધમકી આપી

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર) રાજુલા તાલુકાના ખાખબાઈ ટેકરા વિસ્તારમાં મંજુબેન ખાટાભાઈ મકવાણાને તેમના દિયર વિનુભાઈ સાથે ફળીયામાં બળતણ મુકવા અંગે બોલાચાલી થયેલ. જે પ્રશ્ને મંજુબેનના દિકરા પિયુષે વિનુભાઈ વિરૂધ્ધ રાજુલા પોલીસ મથકમાં અરજી આપેલ અને ચારેય આરોપીઓને વિનુભાઈ સાથે સારા સંબંધ હોય જેથી વિનુભાઈ ઉપર અરજી કરતા સારૂ નહીં લાગતા મનદુઃખ રાખી મેહુલ મઘાભાઈ, વિજય મધાભાઈ, વિરજી શંભુભાઈ, ઘનશ્યામ મધાભાઈ બળાધીયાએ મંજુબેનના ફળીયામાં આવેલ ખડકી પાસે આવી ઘનશ્યામે લાકડાના ધોકા વડે મંજુબેનને પીઠ પાછળ અને હાથ ઉપર મારમારી મેહુલે લાકડી વડે મારમારી વિરજી તથા વિજયે ઢીકાપાટુ વડે મારમારી મંજુબેનની દિકરી સોનલને મેહુલે લાકડી વડે મારમારી ગાળો બોલી ધમકી આપ્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામા પક્ષે છગનભાઈ દેવાયતભાઈ બાળધીયાને મંજુબેન ખાટાભાઈ, ખાટાભીખાભાઈ, અલ્પેશ ખાટાભાઈ, પિયુષ ખાટાભાઈ, સોનલબેન ખાટાભાઈ મકવાણાએ ગાળો બોલી લાકડી વડે પગમાં મારમારી પિયુષે છગનભાઈના ભાઈના દિકરા મેહુલ તથા ઘનશ્યામને ઢીકાપાટુનો મારમારી ખાટાભાઈએ છગનભાઈને ઢીકાપાટુ વડે મારમારી તેમજ પાછળથી સોનલબેને આવીને ગાળો બોલી ધમકી આપ્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

